પાલનપુરમાં પોલીસે ૩૦ નકલી ઘીના ડબ્બા સાથે શખ્સની કરી અટકાયત

ડુપ્લીકેટ ખાદ્ય ચીજો નુ બજારો મા ધુમ વેચાણ થઈ રહયુ હોય તેવી ઘણી ઘટનાઓ જોવા મઙતી હોય.છે. પરંતુ તંત્ર દવારા કોઈ ઠોસ પગલા ના ભરાતા લોકો ડુપ્લીક્ટ ચીજો નો ભોગ બની રહયા છે..ત્યારે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતેથી ડુપ્લીકેટ ઘી નો જથ્થો ઝડપાતા ચકચાર મચી ગઈ હતી.પાલનપુર પોલીસે બાતમીના આધારે પાલનપુરની દેવસૃષ્ટિ સોસાયટીમાંથી ૩૦ જેટલા ઘી ના ડબ્બા ઝડપી પાડ્યા હતા જે તમામ ડબ્બાઓ ટ્રેડમાર્ક અને લેબલ વગરના હતા.પાલનપુર પૂર્વ પોલીસે કુલ ૪૧૪ કિલો ઘીનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો હતો.ઉલ્લેખનીય છે કે તમામ જથ્થો સુરેશ હરગોવનદાસ મોદીના ઘરમાંથી મઙી આવ્યો હતો જેની કુલ કિંમત ૧ લાખ ૫૩ હજાર છે.તેમજ પોલીસ દ્વારા આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

પાલનપુરના નાદીરચાચા માટે હર દિન રમઝાન હર દિન રોઝા

પાલનપુર, તા. ૧

મુસ્લિમ સમુદાયનો હાલ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે ત્યારે બનાસકાંઠાના એક બુઝુર્ગ છેલ્લા ૪૫ વર્ષથી બારે માસ રોઝા રાખી ખુદાની ઈબાદત કરે છે

૪૫ વર્ષથી રોઝા રાખી કરે છે. ખુદાની અનોખી બંદગી, મુસ્લિમ સમાજનો હાલમાં પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે ત્યારે અસહ્ય ગરમી અને બફારા વચ્ચે ભલભલા યુવાનો સવારથી સાંજ થતાંની સાથે જ ઢીલા ઢબ થઈ જતા હોય છે. ત્યારે પાલનપુરના નાદીરચાચા છેલ્લા ૪૫ વર્ષથી સતત રોઝા કરે છે.

પાલનપુરમાં રહેતા ૭૫ વર્ષીય નાદીરચાચા ભર યુવાનીમાં હીરા બજારના ખાસ કારીગર હતા. જેના પગલે સતત ૧૪ વર્ષ સુધી એક પણ રમઝાન માસમાં રોઝા કરી શક્યા ના હતા. જેના પગલે ૩૦ વર્ષની ઉંમરથી સતત આજદિન સુધી રોઝા રાખી અનોખી બંદગી કરે છે. મુંબઈમાં હીરા બજારની નોકરી છોડી હાલ નાદીરચાચા પાલનપુરમાં ઘડિયાળ રીપેરીંગનું કામ કરે છે તેમજ આજે પણ સંપૂર્ણ સ્વસ્થ છે. જેની પાછળ તે રોઝાને કારણભૂત ગણાવે છે. નાદીરચાચા ૧૯૭૦થી આજદિન સુધી રમઝાન માસ હોય કે ના હોય પણ નાદીરચાચા માટે તો હર દિન રમઝાન હર દિન રોઝા બની ગયો છે. તેમજ મૃત્યુ પર્યન્ત રોઝા કરવા આજે પણ એટલા જ મક્કમ છે.

ડીસાના એસટી ડેપોના ટીસીનો વિદાય સમારંભ યોજાયો

ડીસા, તા. ૧

ગુજરાત સરકારના અન્ય વિભાગોની જેમ હાલ એસટી નિગમમાં પણ નિવૃત્તિની મોસમ પુર બહારમાં ખીલી છે. ત્યારે ડીસા એસટી ડેપોના ટ્રાફિક કંટ્રોલર

કાંતિલાલ લોધાને પણ ગતરોજ ઉષ્માભર્યુ વિદાયમાન અપાયું હતું. ડીસા એસ.ટી. ડેપોમાં અગાઉ કંડકટર તરીકે ફરજ બજાવ્યા બાદ ટી.સી. તરીકે બઢતી મેળવનાર કાંતિલાલ લોધા વય મર્યાદાના લીધે સેવા નિવૃત્ત થઈ રહ્યા હોઈ ગતરોજ ડીસાના નવા બસ સ્ટેન્ડ ખાતે તેમના વિદાય સમારોહનું આયોજન કરાયું હતું. એસ.ટી. કર્મચારી મંડળના ડીસા ડેપો યુનિટ દ્વારા ગજરોજ ડીસાના નવા બસ સ્ટેશન ખાતે ડેપો મેનેજર કે.કે. પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયેલા વિદાય સમારોહમાં કર્મચારી મંડળના પાલનપુર વિભાગના ઉત્સાહી પ્રમુખ રણજીતસિંહ હડીયોલ, જનરલ સેક્રેટરી રાજુભાઈ દેસાઈ, કાર્યકારી પ્રમુખ હિંમતસિંહ હડીયોલ, એડીશનલ જનરલ સેક્રેટરી અબ્બાસભાઈ કટકડી, સંગઠન મંત્રી પ્રશાંતભાઈ બારોટ, યુનિટ મંત્રી હર્ષદભાઈ રાવલ તેમજ અન્ય અગ્રણીઓએ ઉપસ્થિત રહી સેવા નિવૃત્ત થઈ રહેલા કાંતિલાલ લોધાની ફરજ નિષ્ઠાને બિરદાવી તેમનું નિવૃત્ત જીવન નિરામય રીતે વ્યતિત થાય એવી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે એસટી કર્મચારી મંડળના પાલનપુર વિભાગના પ્રમુખ અને ઉત્સાહી યુવા અગ્રણી રણજીતસિંહ હડીયોલે નિવૃત્ત વિદાયમાનને જે તે કર્મચારીની ફરજ નિષ્ઠાનું સન્માન ગણાવી વય મર્યાદાના લીધે સેવા નિવૃત્ત થઈ રહેલા કાંતિલાલ લોધાને નિરામય નિવૃત્ત જીવનની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ભારતીય મજદુર સંઘ તેમજ મજુર મહાજન યુનિયનમાંથી કર્મચારી મંડળમાં જોડાયેલા ડીસા ડેપોના છ કર્મચારીઓનું પણ સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન બાબુભાઈ રોઝે કર્યું હતું. જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા કર્મચારી મંડળના ડીસા ડેપો યુનિટના તમામ આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર ખાતે માહિતી ખાતામાં ફરજ બજાવતા નરેશ દિક્ષીતનો વિદાય સમારંભ યોજાયો

માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે વર્કશોપ શાખામાં ફરજ બજાવતા ડિસ્પેચ રાઈડર નરેશ દિક્ષીત વયનિવૃત્ત થતાં તેમને શ્રીફળ, સાકર અને શાલના શુકન આપી ભાવભરી વિદાય અપાઈ હતી.

આ પ્રસંગે અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલે દિક્ષીતની ૩૯ વર્ષની સેવાઓ બિરદાવીને તેમનું નિવૃત્તી જીવન સુખમય અને પ્રવૃત્તિમય રહે તેમજ સમાજપયોગી બને તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. વિદાય પ્રસંગે સંયુક્ત માહિતી નિયામક મહેશ રાણા, શ્રેયાન સહાયક ઈજનેર મયુર શાહ, કાર્યપાલક ઈજનેર કુંડારીયા સહિત સમગ્ર સ્ટાફે તેમની સાથેના સંસ્મરણો વાગોળી તેમના સુખમય નિવૃત્તીજીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

ગાંધીનગર કલેક્ટર કચેરીના ચાર કર્મયોગીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં બે અધિકારી અને બે વર્ગ-૩ના કર્મચારીઓનો વિદાય સમારંભ જિલ્લા કલેક્ટર સતીષ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે વય મર્યાદાથી નિવૃત્ત થતાં સ્ટેમ્પ ડ્યુટીના અધિક કલેક્ટર સી.પી. રાણા, જમીન ફાળવણી મામલતદાર એ.બી. ઠાકોર, જમીન ફાળવણીના નાયબ મામલતદાર આર.એસ. પરમાર અને ગાંધીનગર મામલતદાર કચેરીના ક્લાર્ક અંબાલાલ ઠાકોરને જિલ્લા કલેક્ટર સતીષ પટેલ અને નિવાસી અધિક કલેક્ટર વી.જી. કાલરિયાના હસ્તે નાળિયેર, સાકર અને શાલ ઓઢાડીને ભાવભરી વિદાય આપી હતી.

આ સમારંભમાં કલેક્ટર સતીષ પટેલે નિવૃત્ત થતાં અધિકારીઓ અને કર્મચારીઓના સ્વાસ્થ્યપ્રદ નિવૃત્તિ જીવન માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ જિલ્લા મહેસુલી વર્ગ-૩ મંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈ અને તેમના સાથી અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેમની કામગીરી અને સારા ગુણો વિષયક સ્મૃતિઓ સંભારી હતી અને સારા સ્વાસ્થ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે અધિક કલેક્ટર સી.પી. રાણા, જ.ફા. મામલતદાર એ.બી. ઠાકોર, નાયબ મામલતદાર આર.એસ. પરમાર અને ક્લાર્ક અંબાલાલ ઠાકોરે પોતાની સરકારી નોકરીકાળની સ્મૃતિઓને વાગોળી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન નાયબ મામલતદાર રાજેન્દ્ર રાવે કર્યું હતું. વિદાય સમારંભનું સફળ આયોજન જિલ્લા મહેસુલી વર્ગ-૩ મંડળના હોદ્દેદારો અને સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર વી.જી. કાલરિયા, ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, જમીન સુધારણા નાયબ કલેક્ટર કવિતા શેઠ, જિલ્લા પુરવઠા અધિકારી નિશાબેન શર્મા સહિત મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

આજે ભરતી કૌભાંડના વિરોધમાં કોંગ્રેસ ધરણા કરશે

સરકારી નોકરીની ભરતીમાં વ્યાપક કૌભાંડો કરનારી ભાજપ ધન પાયો યોજનાને ઉજાગર કરવા માટે ગાંધીનગર જિલ્લા અને કોંગ્રેસ દ્વારા સંયુક્ત પણે ધરણા યોજવાનો કાર્યક્રમ તા. ૨-૭-૨૦૧૬ને શનિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬ ખાતે યોજેલ છે. જેમાં સૌ કોંગ્રેસ કાર્યકરો-આગેવાનોને સમયસર અચૂક ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

રોજગાર અને તાલીમ કચેરીના છ કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગરમાં આવેલી રોજગાર અને તાલીમ નિયામકની કચેરીના છ કર્મચારી વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં આમંત્રિતો અને અધિકારીઓએ નિવૃત્ત થતા કર્મચારીની સેવાઓને બિરદાવી હતી.

રોજગાર અને તાલીમ નિયામક કચેરી ગાંધીનગરના મદદનીશ તાલીમ નિયામક એન.એમ. જોષી, ઓડિટર એમ.એમ. ઠાકરડા, ફોરમેન ઈન્સ્ટ્રક્ટર એસ.ડી. મેકવાન, સિ. ક્લાર્ક સી.એલ. જાદવ, ડ્રાઈવર આર.જે. સોલંકી અને એકાઉન્ટન્ટ એચ.એસ. પરીખ વય નિવૃત્ત થતા કચેરીમાં તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમ નિયામક ડી.કે. પારેખના અધ્યક્ષપદે યોજાયો હતો અને સમગ્ર સંચાલન આર.કે. નાયકે કર્યું હતુ.

પંચાયતોનાં જનાદેશનું અવમાન કરનાર ભાજપને પ્રજા વિધાનસભાની ચૂંટણીમાં ફેંકી દેશે : ડૉ. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૧

ગુજરાત રાજ્યમાં જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં મળેલા કારમા પરાજયને પચાવી નહીં શકનાર ભાજપ સરકારે પંચાયતો પાસેથી સ્વભંડોળ સહિત ગ્રાન્ટ વાપરવાનાં હક્કો છીનવી લઈ ગ્રામીણ પ્રજાના જનાદેશનું હળહળતું અપમાન કર્યું હોવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે વિકાસના પોકળ દાવા કરી પંચાયતી રાજને નેસ્તનાબૂદ કરવાનો કારસો કરનાર ભાજપ સરકારને ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં જનતાને જડબાતોડ જવાબ આપી સત્તા ઉપરથી ફેંકી દેવા અપીલ કરી છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, પંચાયતોની ચૂંટણીમાં થયેલી ભૂંડી હારને જીરવી નહીં શકનાર ભાજપ સરકારે ગુજરાતમાં સહકારી ક્ષેત્ર બાદ પંચાયતી રાજને ખતમ કરવાનો કારસો ઘડ્યો છે. રાજ્યની ૨૨ જિલ્લા પંચાયતોમાં ભાજપને ફેંકી દેનાર જનતાના ચુકાદાનો હળહળતું અપમાન કરી ભાજપે જિલ્લા - તાલુકા પંચાયતોના સ્વભંડોળ સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ વાપરવાના હક્ક પંચાયતો પાસેથી છીનવી લીધા છે. સૌનો સાથ સૌનો વિકાસના પોકળ દાવા કરતી ભાજપ સરકારે પંચાયતના પ્રમુખો, સદસ્યો કે બોડીને વિશ્વાસમાં લીધા વિના ૫૦ ટકા ગ્રાન્ટ સીધી જ વાપરવાના પરિપત્ર કર્યા છે. સરકાર દ્વારા શાળા અને આરોગ્ય ક્ષેત્રે કામ કરવા અલગ ગ્રાન્ટ આપવામાં આવતી હોવા છતાં પંચાયતની ગ્રાન્ટમાંથી થઈ ગયેલા કામો કરવાનો નિર્દેશ કર્યો છે. જ્યારે અગાઉ ભાજપ પંચાયતમાં સત્તા સ્થાને હતી ત્યારે પંચાયતની ગ્રાન્ટનો દુરઉપયોગ પક્ષના રાજકીય કાર્યક્રમો તેમજ મુખ્યમંત્રીના પુસ્તક વિમોચન જેવા કાર્યક્રમોમાં કરવામાં આવતો હતો.

ચિલોડા સ્થિત પ્રાથમિક શાળાના પટાંગણમાં ગામના સરપંચ સવાજી ઠાકોરના પ્રમુખપદે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વૉલન્ટર્સ સુધીરભાઈ દેસાઈએ રાઈટ ટુ એજ્યુકેશન, જયરામભાઈ સોનીએ બેટી બચાવો બેટી પઢાઓ અને સીતારામભાઈ પટેલે ધર્મ અને કાયદા અંગે બાળકોને સમજ પુરી પાડી હતી. આ શિબિરમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સંજુયભાઈ પટેલ, વિજયભાઈ પરમાર તથા નિતીનભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિન પટેલ પી.એલ.પી. નટુભાઈ પટેલ, એસ.એમ.સી.ના અધ્યક્ષ તખ્તસિંહ ઠાકોર વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા.

કંપની સમાચાર

ઓડીએ ઓડી મોબાઈલ ટર્મિનલ ટુર ૨૦૧૬નો આરંભ કર્યો

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ ૨૦૧૬ સિઝનમાં ઓડી મોબાઈલ ટર્મિનલ ટુરનો ૨૦ શહેરોમાં આરંભ કર્યો છે. ઓડી મોબાઈલ ટર્મિનલ શૉ રૂમમાં ગ્રાહકોને ઓડીની સંપૂર્ણ શ્રેણીની જાણકારી મળી રહે છે. આ ટર્મિનલમાં કાર, એસેસરીઝ અને ઓડી લોન્જ જોવા મળે છે. ગયા વર્ષે શરૂ થયેલી ઓડી મોબાઈલ ટર્મિનલ ટુરમાં ૧૨૦૦થી વધુ ગ્રાહકોએ મુલાકાત લીધી હતી. તા. ૨૪ જૂનથી તા. ૨૬ જૂન, ૨૦૧૬ દરમિયાન ઓડી મોબાઈલ ટર્મિનલ સિલિગુડીમાં અને ત્યાર બાદ પટણા અને જમશેદપુરમાં જોવા મળશે.

ઓડી ઈન્ડિયાનાં અધ્યક્ષ જો કિંગે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'ઓડી મોબાઈલ ટર્મિનલની વ્યૂહરચના દ્વારા અમે ભારતનાં વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં બ્રાન્ડની સભાનતા અને પહેચાન વધારવા ઈચ્છીએ છીએ. ઓડી મોબાઈલ ટર્મિનલ તે ગ્રાહક સમક્ષ રજૂ થતો અનોખો ડિસ્પ્લે શૉ રૂમ છે. આ વર્ષે ઉત્તર-પૂર્વ ભારત અમારો મુખ્ય કેન્દ્રિત વિસ્તાર છે. જ્યાંથી અમને સંભવિત નવા ગ્રાહકો મળી શકશે.'

પ્રીમિયર નેચરોપેથી અને વેલનેસ માટે નિમ્બા નેચર ક્યોર વિલેજને એસોચેમ એવોર્ડસ

નિમ્બા નેચર ક્યોર વિલેજ એ જાહેર કરતા ગર્વ અનુભવી રહ્યું છે કે તેને પ્રીમિયર નેચરોથી અને વેલનેસ રીટ્રીટ માટે પ્રતિષ્ઠિત સંસ્થા એસોચેમ દ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. નિમ્બા નેચર ક્યોર વિલેજ એ ગુજરાત અને ભારતનું સૌથી મોટુ નેચરોપેથી, આયુર્વેદિક, યોગ અને મોડિટેશન, સાયકોથેરાપી સેન્ટર છે. આ વર્લ્ડ ક્લાસ નેચરોપેથી સેન્ટર અમદાવાદથી ફક્ત ૫૦ કિમી દૂર મહેસાણાના બાલિયાસણ ખાતે આવેલું છે. આ સેન્ટરમાં પંચકર્મ અને વેલનેસનો અનોખો રેસિડેન્સિયલ પ્રગ્રામ ઉપલબ્ધ છે. જેનાથી તમારા શરીર, મન અને આત્માનું સંતુલન એકદમ યોગ્ય રીતે જળવાયેલું રહે છે. તથા તમે પ્રકૃતિ સાથે જોડાયેલા રહો છો.

નિમ્બા નેચર ક્યોરના સીઈઓ જયંત બોકાડિયાએ જણાવ્યું હતું કે પ્રીમિયર નેચરાપેથી અને વેલનેસ રીટ્રીટ માટે નિમ્બા નેચર ક્યોરને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. આ એવોર્ડ નેશનલ એસોચેમ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાએ આપ્યો છે. સંસ્થા દ્વારા અમારા સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં તેમણે અમારા તબીબો સાથે મળીને આપવામાં આવતી તમામ થેરેપીની ચર્ચા કરી તેનું નિરિક્ષણ કર્યું છે. જે સહજતાથી સમગ્ર સિસ્ટમનું સંચાલન કરીએ છીએ તે જોઈને તેઓ ઘણા ખુશ થયા હતા. તેમણે અમારા નાણાંકિય વ્યવહારો તથા એકાઉન્ટની પણ જાણકારી મેળવી હતી. તેઓ અમારા કેટલાક કોર્પોરેટ ક્લાયન્ટને પણ મળ્યા હતા અને તેમના અભિપ્રાયો પણ લીધા હતા. આ એવોર્ડ આપીને અમને સન્માનિત કરવા બદલ અમે તેમનો આભાર માનીએ છીએ. આ અમારી દિર્ઘદૃષ્ટી ધરાવતી ટીમની સખત મહેનતનું પરિણામ છે.

ભારે તારાજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પિથોરાગઢમાં ભારે વરસાદના લીધે લોકોની હાલત કફોડી બનેલી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ચમોલી અને પિથોરાગઢમાં વાદળ ફાટવાની ઘટના બની છે. પિથોરાગઢ જિલ્લાના સિંઘલી ક્ષેત્રમાં વાદળ ફાટવાથી આઠ લોકોના મોત થયા છે. જ્યારે ગોપેશ્વર જિલ્લાના સિરોન ગામમાં બે વ્યક્તિના મોત થયા છે. ચમોલી જિલ્લાના ઘાટ વિકાસખંડમાં મંદાકિની નદીમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે અને અનેક લોકો લાપત્તા થયા છે. કેટલાક ભવનો ડુબી ગયા છે. અનેક પ્રાણીઓ લાપત્તા થઈ ગયા છે. ૨૦૧૩માં રાજ્યમાં ભયંકર તારાજીની સ્થિતિ અહીં જ સૌથી વધારે થઈ હતી. જાણકાર લોકોનું કહેવું છે કે, કેટલાક વિસ્તારોમા કલાકોના ગાળામાં જ અભૂતપૂર્વ વરસાદ પડ્યો છે. પિથોરાગઢ જિલ્લામાં વાદળ ફાટવાની ઘટનાથી સાત ગામોમાં મકાનો ધરાશાયી થઈ ગયા છે. ૨૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. બે કલાકની અંદર જ ભારે વરસાદ થયો છે. ચારધામની યાત્રા પણ ઘણી જગ્યાએ ખોરવાઈ ગઈ છે. બચાવ ટીમો સક્રિય થયેલી છે. બીજી બાજુ કેન્દ્ર સરકારે એનડીઆરએફની ટીમો ઉત્તરાખંડમાં મોકલી દીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે મુખ્યમંત્રી હરિશ રાવત સાથે ફોન પર વાતચીત કરી છે. પરિસ્થિતિ અંગે માહિતી મેળવી છે. તમામ સંભવિત મદદ કરવાની પણ ખાતરી આપી છે. એનડીઆરએફની ટીમો પહોંચી ચુકી છે. લાપત્તા થયેલા લોકોને શોધવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

યુદ્ધ વિમાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ વર્ષે કુલ છ વિમાન અને આગામી નાણાંકીય વર્ષમાં આશરે આઠ વિમાન સામેલ કરવામાં આવનાર છે. તેજસ આગામી વર્ષે લડાયક યોજનામાં પણ નજરે પડનાર ચે. તેને અગ્રીમ અડ્ડા પર તૈનાત કરવામાં આવનાર છે. તેજસ વિમાન સ્વદેશી છે પરંતુ તેના એન્જિન અમેરિકન છે.

આ યુદ્ધ વિમાનમાં રડાર અને હથિયાર પ્રણાલી ઈઝરાયેલની છે. ભારતીય હવાઈ દળના અધિકારીઓનો દાવો છે કે આ વિમાન અન્ય વિમાનો કરતા વધારે અસરકારક છે. તેજસ ૫૦ હજાર ફુટની ઉંચાઈ પર ઉંડાણ ભરી શકે છે. તેની પાંખ ૮.૨ મીટર પહોળી છે. તેની લંબાઈ ૧૩.૨ મીટરની છે. જ્યારે ઉંચાઈ ૪.૪ મીટરની છે. તેજસ વિમાન ચીન અને પાકિસ્તાન દ્વારા મળીને બનાવવામાં આવેલા યુદ્ધ વિમાન જેએફ-૧૭ થંડર ક્લાસના છે. લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ પ્રોજેક્ટ તરીકે એચએએલ તેજસ વધારે જાણીતું છે. સ્વદેશી ફાઈટર માટે ૩૩ વર્ષથી ચાલતા ઈંતજારનો આજે અંત આવી ગયો હતો. વધુ છ તેજસ ફાઈટર વિમાનો વર્તમાન નાણાંકીય વર્ષના અંત સુધી સામેલ કરવામાં આવશે. ગ્રુપ કેપ્ટન એમ રંગાચારી ફ્લાઈટ સ્કોડ્રોનના પ્રથમ કમાન્ડિંગ ઓફિસર તરીકે રહેશે. શરૂઆતમાં તેમના નેતૃત્વ હેઠળ સાત અધિકારીઓ રહેશે જેમાં અન્ય ૪૨ એર વોરિયર્સ અને આશરે ૨૦ નોનકમિશન ડેફિસર રહેશે. કોટા હરિનારાયણ એલસીએને તમામ આવા યુદ્ધ વિમાનોના જનક તરીકે ગણે છે. દશકોની સખત મહેનત બાદ આને સફળતા હાથ લાગી છે. આજે એરમાર્શલ જસબીર વાલિયા અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. એચએએલ આગામી થોડાક મહિનાઓમાં તેની અસરકારકતા દર્શાવનાર છે.

દરખાસ્ત અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રસ્તાઓને પણ નુકશાન થયુ હતુ. આ ગામોના કેટલાક વિસ્તારમાં રસ્તાઓનુ અસ્તિત્વ જ નથી. જેને ધ્યાને લઈ સ્થાનિક અગ્રણીઓ દ્વારા પણ આ મામલે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. આમછતા રસ્તાની કામગીરી થઈ શકી નથી. ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાનુ કામ હાથ ધરવા માટે અંદાજિત રૂ ૧૪ કરોડનો ખર્ચ થાય તેમ છે. આ માટે સ્થાનિક ધારાસભ્ય અશોક પટેલે તેમજ શંભુજી ઠાકોરે પણ ભલામણ કરી છે. ગ્રામ્ય વિસ્તારમાં બાકી રહેતા રસ્તા માટે સી સી રોડના કામને મંજુરી આપવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

તંત્ર ચિંતાતુર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈકાલે ડિસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટીની બેઠકમાં કલેક્ટર સતીષ પટેલે તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓને દર ગુરૂવારે યોજાતી તલાટીઓની બેઠકમાં જઈ જે ગામમાં નબળી કામગીરી આ બે ક્ષેત્રમાં દેખાતી હોય તેની સાથે વાત કરી અને તે દિશામાં કામ થાય તે જોવુ એટલુ જ નહિ આ પછીની બેઠકમાં તલાટી પાસેથી કામગીરી કરી દેવામાં આવી છે તેવુ પ્રમાણપત્ર પણ મેળવી લેવુ. આ બેઠકમાં આરોગ્યના અન્ય કાર્યક્રમોની પણ સમીક્ષા કરવામાં આવી હતી તેમજ તેમાં થયેલી કામગીરીને લઈ કલેક્ટરે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. આર.બી.એસ.વાય.ની કામગીરીમાં ગતિ આવે તે જોવા તેમજ કિશોરી યોજનાના અમલીકરણ પર પણ તેમણે ભાર મુક્યો હતો. જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર કામગીરી થાય તે જોવા અનુરોધ કરી કલેક્ટર પટેલે જણાવ્યુ હતુ કે સ્વચ્છ ગામ સ્વસ્થ ગામનું સ્વપ્ન સાકાર કરવા આપણે સૌએ કામે લાગી જવુ પડશે.

કાર્ડની નોંધણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના અધિકારીઓને ખાસ ધ્યાન આપવા તેમજ સુયોગ્ય સંકલન સાથેની કામગીરી થાય તે જોવા આગ્રહ કર્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે તેઓ જાતે જ આ કામગીરીનું સતત મોનીટરીંગ કરી રહ્યાછે. રાજ્યના અન્ય જિલ્લાઓની તુલનામાં જિલ્લામાં સારી કામગીરી ચાલી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. ૨૦૧૦માં આધારકાર્ડ આપવાનો પ્રારંભ થયો હતો પરંતુ વચ્ચે થોડા સમય સુધી ચાલેલી ધીમી કામગીરી બાદ કેન્દ્રના આગ્રહને પગલે હવે આ કામગીરીમાં ગતિ આવી છે જે ઉલ્લેખનીય છે.